Issue No. : 3 | September Month

Team Achievers | Rotary District 3060 | UNITE FOR GOOD

# ROYAL RESONANCE

Club No. 82068 | RI District 3060 | Charter Date: 22nd April 2009

An Official Bulletin of Rotary Club of Bhavnagar Royal

- **Rtn. Francesco Arezzo** – Rotary International President
- **Rtn. Amardeep Singh Bunet** – District Governor
- **Rtn. Dr. S. A. Chauhan** – President
- **Rtn. Nirav Doshi** – Secretary
- **Rtn. Nirav Doshi** – Bulletin Editor
- **Rtn. Gaurav Rathod** – Design







Adderess for Correspondance : Rtn. Vivek Shah, 118, Sagar Complex, Jashonath Chowk, Bhavnagar.
Phone : 9879 00 2192, 9825 46 6969 ■ We meet every Wednesday at Honest Restaurant, Waghawadi Road, Bhavnagar.

# Rotary

# THE 4 WAY TEST

## The 4-way test of the things we think, say or do

1. Is it the TRUTH ?
2. Is it FAIR to all concerned ?
3. Will it build GOODWILL and BETTER FRIENDSHIP ?
4. Will it be BENEFICIAL to all concerned?

## जो हम सोचते हे, कहते हैं, करते हैं, उनकी चतुर्मुखी कसौटी

१. क्या यह सत्य है ?
२. क्या यह सभी संबंधित के लिए उचित है ?
३. क्या यह सद्भावना, भाईचारा और मित्रता बढाती हैं ?
४. क्या यह सभी संबंधित के लिए लाभदायक है ?

## આપણે જે વિચારીએ છીએ, કહીએ છીએ, કે કરીએ છીએ, તેની ચતુર્વિધ કસૌટી

૧. શું તે સત્ય છે ?
૨. શું તે બધા સંબંધિત માટે ઉચિત છે ?
૩. શું તે શુભેચ્છા અને શ્રેષ્ઠ મૈત્રી બાંધી શકશે ?
૪. શું તે બધા સંબંધિત માટે લાભદાયી છે ?

DISEASE PREVENTION AND TREATMENT

# પ્રોજેક્ટ - પ્રોટીન પાઉડર વિતરણ

DISEASE PREVENTION AND TREATMENT

## સ્પર્શ ફાઉન્ડેશન, જૂની બ્લડ બેન્ક, મહિલા કોલેજ

તા/૦૩/૦૯/૨૫ ને બુધવારે રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા " સ્પર્શ ફાઉન્ડેશન" ના કેન્સર ના દર્દીઓ માં રોગપ્રતિકારક શક્તિ વધારવા ના અને કેન્સર ના સેલ સામે રક્ષણ આપવા ના હેતુ થી પ્રોટીન પાઉડર નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટ અંતર્ગત દર્દીઓ ને આહાર માં પ્રોટીન નું વિશેષ મહત્વ સમજવામાં આવ્યું હતું. કેન્સર સામેની લડાઈ લડી રહેલા દર્દીઓ ને રોટરી રોયલ દ્વારા મનોબળ વધારતા અને અન્ય જરૂરી સહાય પૂરી પાડવા ની ખાતરી આપવામાં આવી હતી. આ તબક્કે સ્પર્શ ફાઉન્ડેશન અને હાજર દર્દીઓ એ રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ નો આભાર વ્યક્ત કર્યો હતો. અત્રે સમગ્ર પ્રોજેકટ ના સહયોગી રો. ઉન્નત ભાઈ પટેલ નો ખૂબ ખૂબ આભાર.








BASIC EDUCATION AND LITERACY

# નેશન બિલ્ડર એવોર્ડ

હોટલ બેસિલ પાર્ક

તા - ૧૦- સપ્ટેમ્બર ને બુધવાર ના રોજ , રોટરી ના લિટ્રેસી મિશન અંતર્ગત, રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા **નેશન બિલ્ડર એવોર્ડ- " ગુરુ વંદના"** ના અનોખા કાર્યક્રમ નું આયોજન સ્થાનીક હોટલ બેસિલ પાર્ક ખાતે કરવામાં આવ્યું હતું. રોટરી રોયલ ના આ નેશન બિલ્ડર એવોર્ડ અંતર્ગત ભાવનગર અને ભાવનગર જિલ્લા ની વિવિધ શાળાઓ અને કોલેજો માંથી શૈક્ષણિક ઉપરાંત વિધાર્થીઓ ના પાયા ના ઘડતર માં તેમજ પોતાની આગવી પ્રવૃતિઓ થી શિક્ષણ માં અને સમાજ માં મદદ રૂપ બનનાર એવા  વિશિષ્ટ પ્રતિભા ધરાવતા




૧૧ શિક્ષકો ને રોટરી ના **"નેશન બિલ્ડર એવોર્ડ"** થી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ શિક્ષક સન્માન ના વિશિષ્ટ સમારોહ માં અતિથિ વિશેષ તરીકે ડો. અરુણભાઈ દવે સાહેબ - ચાન્સેલર & પ્રેસિડેન્ટ લોક ભરતી યુનિવર્સિટી ઓફ રુલર ઇનોવેશન , સણોસરા ઉપસ્થિત રહ્યા હતા તથા રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ આસિસ્ટન્ટ ગવર્નર રો. જતીનભાઈ ભાયાણી ની વિશેષ ઉપસ્થિતિ આ સન્માન સમારોહ માં રહી હતી.

# નેશન બિલ્ડર એવોર્ડ

હોટલ બેસિલ પાર્ક

રોટરી રોયલ દ્વારા જે શ્રેષ્ઠ શિક્ષકો ને સન્માનીત કરવામાં આવ્યા હતા તેમાં શ્રી નરેન્દ્ર ભાઈ મકવાણા - ગ્રામ દક્ષિણામૂર્તિ આંબલા,  ડો. શક્તિસિંહ પરમાર - સરકારી વિનયન કોલેજ તળાજા, શ્રી રાજેશભાઈ રાજ્યગુરુ - સરસ્વતી વિધાલય - સૂરનિવાસ, શ્રી કેતનભાઈ રાઠોડ -દક્ષિણામૂર્તિ ભાવનગર, શ્રી મહિપાલસિંહ ગોહિલ - સરકારી શાળા ધ્રૂપકા, શ્રી ધવનભાઈ ડોડીયા - સરકારી શાળા વાવડી,  શ્રી રાધાબેન ગઢવી - નિવૃત આચાર્ય, ડો. વિશાલ ભાઈ ભાદાણી - ઉપકુલપતિ લોકભારતી યુનિવર્સિટી સણોસરા,  શ્રી વિજય સિંહ ચૌહાણ - ચ. મો. વિધાલય પાલીતાણા, શ્રી ઝીલ બેન દાણી - સંગીત શિક્ષિકા તાપીબાઇ વિકાસ ગૃહ ભાવનગર, પ્રો. ડો. જયવંતસિંહ ગોહિલ સાહેબ - શામળદાસ આર્ટ્સ કોલેજ ભાવનગર , આમ કુલ ૧૧ શિક્ષકો ને નેશન બિલ્ડર એવોર્ડ થી સન્માનીત કરવામાં આવ્યા હતા.  સન્માન પ્રાપ્ત કરનારા તમામ શિક્ષકો ને એવોર્ડ, શાલ અને સર્ટિફિકેટ સમારોહ ના અતિથિ વિશેષ ડો. અરુણભાઈ દવે સાહેબ, A .G જતીન ભાઈ ભાયાણી તથા રોટરી રોયલ ના ડો. ગિરીશભાઈ , પ્રેસિડેન્ટ રો. ડો. ચૌહાણ અને અન્ય ક્લબ મેમ્બર્સ ના વરદ્ હસ્તે  અર્પણ કરવામાં આવ્યા હતા.  કાર્યક્રમ ની શરુવાત માં પ્રેસિડેન્ટ રો. ડો. એસ. એ. ચૌહાણ સાહેબ એ મહેમાનો, અતિથિ વિશેષ, તથા સર્વે મેમ્બર્સ ને આવકાર્યા હતા જ્યારે સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન રોટરી રોયલ ના લિટ્રેસી ચેર રો. ચેતનભાઈ ટાંક સાહેબ એ પોતાની આગવી શૈલી માં કર્યું હતું.











# મલ્ટી વિટામીન સીરપ વિતરણ

## સર ટી હોસ્પિટલ, ભાવનગર

તા ૨૨ સપ્ટેમ્બર ને સોમવાર ના રોજ રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા ભાવનગર ની સિવિલ હોસ્પિટલમાં બાળ રોગ વિભાગ ના NRC department  માં કુપોષણ ના ભોગ બનેલા કુપોષિત નાના બાળકો માટે મલ્ટી વિટામિન, iron, મિનરલ સભર Syurp આપવામાં આવ્યા હતા. બાળ રોગ વિભાગ ના વડા ના માર્ગ દર્શન હેઠળ કુપોષિત નાના બાળકો માં પોષક તત્વો સભર Syrup નું વિતરણ કરવામાં આવેલ અને કુપોષિત બાળકો ને જીવ લેણ બીમારીઓ થી બચવાનું અને આરોગ્ય પ્રદાન કરવાનું ઉમદા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. કુ-પોષણ ના કારણે દર વર્ષે હજારો બાળકો જીવલેણ બીમારીઓ નો ભોગ બનતા હોય છે ત્યારે રોટરી રોયલ દ્વારા ચાલુ વર્ષે દર મહિને સિવિલ હોસ્પિટલમાં મલ્ટી વિટામિન Syrup ના વિતરણ નું આયોજન કરવામાં આવ્યું છે. અંદાજીત ૨૫ જેટલા કુપોષિત બાળકો ને મલ્ટી વિટામિન Syrup આપવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં રોટરી રોયલ ના મેમ્બર્સ઼ઓ એ હાજર રહી ને આ પ્રોજેકટ સફળ બનાવ્યો હતો.












# Rotary Diagnostic Center

ટીંબી, ભાવનગર

તા - ૨૫ સપ્ટેમ્બર ને ગુરુવારે ટીંબી ગામ ખાતે મહત્વાકાંક્ષી કાયમી પ્રોજેક્ટ "Rotary Diagnostic Center" ના ઉદ્ઘાટન સાથે મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો. રોટરી ક્લબ ઑફ સુરત મેટ્રો, રોટરી ક્લબ ઑફ વઢવાણ સીટી, અને રોટરી ક્લબ ઑફ ભાવનગર રોયલ ના સંયુક્ત ઉપક્રમે આ સેવાની સરવાણી ના કાયમી પ્રોજેક્ટ ના ઉદ્ઘાટન સાથે આ સેન્ટર માં CT SCAN, SONOGRAPHY અને મેડીકલ સ્ટોર ની સેવાઓ શરૂ કરવામાં આવી હતી. મીરા માતાજી ( આનંદ કુંજ આશ્રમ) તથા મુખ્ય મહેમાન  પૂર્વ રોટરી ઇન્ટરનેશનલ પ્રમુખ રો. કલ્યાણ બેનર્જી સાહેબ ના વરદ્ હસ્તે આ સેન્ટર નું ઉદ્ઘાટન અનેક મહાનુભાવો ની હાજરી માં કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટન પ્રસંગે અન્ય અતિથિ વિશેષ તરીકે રો. આશીષભાઈ અજમેરા( EMGA )રો. તુષારભાઈ શાહ ( IPDG), રો. પ્રશાંત ભાઈ જાની ( PDG), રો. નિલેશ ભાઈ શાહ ( DGE), રો. આશીષ પટવારી ( DGN) , રો. જતીનભાઈ ( AG) તથા DIST ૩૦૬૦ ના ક્લબ મેમ્બર્સ મોટી સંખ્યામાં જોડાયા હતા. રોટરી સાથે સ્વામી નિર્દોષાનંદ હોસ્પિટલ -ટીંબી ના સહકાર અને સહયોગ થી કાર્યરત આ diagnostic center માં ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે રાહત માં પણ રાહત દરે CT SCAN, SONOGRAPHY અને મેડીકલ સ્ટોર ની સેવાઓ પૂરી પાડવામાં આવશે અને આજુબાજુ ના ૧૦૦ જેટલા ગામોના દર્દીઓ ને આ સેવાનો લાભ મળી રહેશે. આ diagnostic center ની સેવાઓ થી દર્દીઓ ને ભાવનગર સુધી આવવાનો સમય અને ખર્ચ બચી શકશે અને નિદાન અને સારવાર ઝડપી બનશે. રોટરી ની ગ્લોબલ ગ્રાન્ટ ના સહયોગ થી ટીંબી ગામ ખાતે અતી આધુનિક અને સુવિધા સભર CT SCAN અને સોનોગ્રાફી મશીન કાયમી વસાવામાં આવ્યા છે અને ડોક્ટર ( full time Radiologist)સહીત સમગ્ર ટીમ આ સેન્ટર પર કાર્યરત રહી ને દર્દીઓ ને વિવિધ સેવાઓ પ્રદાન કરશે. ઉદ્ઘાટન બાદ યોજાયેલા સન્માન સમારોહ માં દરેક દાતાઓ અને સહયોગીઓ નું અભિવાદન સાથે સન્માન કરવામાં આવ્યું હતું. ટીંબી માનવસેવા હોસ્પિટલ ના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા રોટરી ના આ ઉમદા સેવા કાર્ય ને બિરદાવવામાં આવ્યું હતું.








# Meetings

**Date: 03/09/2025**
**Time: 08:30 pm**
**Place: Basil Park**
**Regular Club Meeting**






**Date: 10/09/2025**
**Time: 08:30 pm**
**Place: Basil Park Hotel**
**Club Meeting with Nation Builder Award**

**Date: 17/09/2025**
**Time: 08:30 pm**
**Place: Hotel Sumeru Virgo**
**Rotary Royal Trust AGM**





# Birthday & Anniversary

## HAPPY BIRTHDAY

| | |
|---|---|
| Rtn. Vivek Shah | 02 Sep |
| Rtn. Tapas Pandya | 03 Sep |
| Rtn. Vaibhav Vyas | 12 Sep |
| Rtn. Piyush Shiroya | 15 Sep |
| Rtn. Ojas Rajyaguru | 17 Sep |
| Rtn. Dr Nirav Thadeshwar | 24 Sep |
| Rtn. Bhavin Chudasama | 25 Sep |
| Rtn. Vandit Mehta | 26 Sep |
| Rtn. Dr Deepak saboo | 27 Sep |
| Shyam Makati | 27 Sep |

## HAPPY ANNIVERSARY

| | |
|---|---|
| Rtn. Suhel Bhurani | 16 Sep |
| Rtn. Dr. Shakeel Chauhan | 28 Sep |



Team Achievers | Rotary District 3060 | UNITE FOR GOOD




PARSHWA
computer media



NEW LAPTOP & DESKTOP
SECONDHAND LAPTOP DESKTOP
CCTV & WI FI CAMERA
COMPUTER ACCESSORIES

the house of
DIGITAL product

128, Madhav Darshan, Waghawadi Road, Bhavnagar - 364001.
+91-9925141232 - 7046555561